પત્રિકા
૧૫૭

# ચિરાગે હિદાયત

૦૪/૦૫/૧૮
૧૭ શાબાન

## ઝહુરે ઈમામ મહદી(અ.સ.)

**બેશક ! ઝમીનનો માલિક અલ્લાહ જ છે, તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને આ ઝમીનનો વારિસ બનાવે છે, અને (ઉત્તમ) પરિણામ પરહેઝગારો માટે જ છે.** *(સૂરએ અઅરાફ, આ. ૧૨૮)*

અલ્લાહ તઆલા આ આયતમાં આપણને એ હુકૂમતની ખુશખબરી આપે છે કે દુનિયામાં એહલેબૈત(અ.મુ.સ.)નો નિઝામ અને હુકુમત કાએમ થશે. જયારે ગયબતના પરદામાંથી ગદીરી ચંદ્ર નમુદાર થશે, અને તમામ ચિરાગો બુજાઇ જશે, તમામ સિતારાઓ અદ્રશ્ય થશે, દુનિયાનો દરેક ખૂણો ફકત ઈમામ(અ.સ.)ના નુરથી મુનવ્વર અને રોશન હશે, દુનિયાના તમામ નીઝામો ખત્મ થઈ જશે, અલ્લાહની ઝમીન ઉપર અલ્લાહનો પસંદીદા દીન અને અલ્લાહના નકકી કરેલા વસીની હુકૂમત હશે અને તેનું પરિણામ એ હશે કે જયારે અલ્લાહનો આ વાયદો પરિપૂર્ણ થશે ત્યારે આ ખૌફ (દુનિયામાં ચારે બાજુ જે ઝુલ્મો અને અશાંતિ) અમન (સુકુન)માં બદલાઈ જશે.

અઝીઝો! અત્યારે આ દુનિયામાં જે કાંઇ ફિત્ના, ફસાદ, અશાંતિ, ભુખ, પરેશાની, મોંઘવારી, યુધ્ધનો ડર, રસાયણિક શસ્ત્રો, વ્યક્તિગત લડાઇ અને બિમારીઓ વગેરે જોવા મળે છે તેનું કારણ ફકત એટલું જ છે કે ન તો દુનિયામાં અલ્લાહના વસીની હુકુમત છે અને ન તો અલ્લાહનો નિઝામ. અગર આપણે ખરેખર એવી હુકુમતનો ઈન્તેઝાર કરી રહ્યા છીએ જે ઈલાહી નિઝામ ધરાવતી હોય, તો તેમના ઝહુર માટે દુઆ કરીએ અને એ હુકુમતમાં ઝિંદગી બસર કરવાની આરઝુ રાખીએ તેમજ એ જાણવું જોઈએ કે તે ઝમાનો કેવો હશે અને ઈમામ(અ.સ.) તેમના શિયાઓને કેવી કેવી નેઅમતોથી નવાજશે?!!

### * *ઝહુર પછીના હાલાત (ઝમાનો) :*

### ૧) એકમત હોવું :

કૌમના દરેક માણસનું સમાન વિચાર ધરાવવું, સમાન સ્વભાવનું હોવું, એકમત હોવું. જયારે ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ની સંપૂર્ણ હુકુમત હશે. કુરઆનના અહેકામ સમજાવનારની અવાજ પર અમલ થશે. ઈમામ(અ.સ.)ના ઝહુર પછીની દુનિયા અલગ જ હશે, તેની સંપૂર્ણ અને હકીકી કલ્પના આપણે નથી કરી શકતા.

## ૨) અકલની પરિપૂર્ણતા :

જ્યારે ઈમામ(અ.સ.)નો ઝહુર થશે તે સમયે લોકોની અકલો પરિપૂર્ણ થઇ જશે. હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ફરમાવે છે :

**"જયારે અમારા કાએમ(અ.સ.)નો ઝહુર થશે. ખુદાવંદે આલમ લોકો ઉપર દસ્તે શફકત ફેરવશે જેના થકી તેઓની અકલો જમા થશે અને તેઓની ફિક્ર સંપૂર્ણ થઈ જશે, અને ફસાદના મૂળ સુકાઈ જશે."**

અકલની પરિપૂર્ણતાનો એક બનાવ જોઈએ કે જેથી કોઈને ઝહુર પછીની આ બાબતો માટે શક ન રહે.

### – *અલ્લામા બહેરૂલ ઓલુમ(રહ.)ની ફઝીલતઃ*

મરહુમ મિરઝા અબુલ કાસીમ કુમ્મી(રહ.) બયાન કરે છે કે મારી અલ્લામા સૈયદ બહેરૂલ ઓલુમ(રહ.)ની સાથે દર્સ સંબંધિત ચર્ચાનો સિલસિલો ચાલ્યા કરતો હતો, બલ્કે તે મારી ચર્ચાથી ફાયદો મેળવતા પછી થોડા સમય માટે અમે છુટા પડયા. હું ઈરાન ચાલ્યો ગયો અને અલ્લામા સૈયદ બેહરૂલ ઓલુમ ઈરાક ગયા અને આટલા સમયમાં તેઓ ઓલમાઓ વચ્ચે ઈલ્મ અને મહાનતાના ક્ષેત્રમાં ઘણાં મશહુર થયા.

મને આશ્ચર્ય થયું કે અલ્લામા આ કાબેલીયત અને ખુબીઓ તો ધરાવતા ન હતા, તો પછી આટલી મહાનતા તેમને કેવી રીતે મળી? એક વખત મને ઈરાક અઈમ્માહ(અ.સ.)ના હરમોની ઝિયારતનો શરફ હાંસિલ થયો હું નજફે અશરફમાં અલ્લામા બેહરૂલ ઓલુમને મળવા ગયો ત્યાં તેમનો દર્સ ચાલી રહયો હતો, ઘણા બધા વિધાર્થીઓ હાજર હતા મેં પણ દર્સમાં ભાગ લીધો તો માલુમ થયું કે ખરેખર અલ્લામા 'ઈલ્મના સ્તંભ' છે. જયારે તેઓ મને એકાંતમાં મળ્યા ત્યારે મેં તેમને પૂછયું કે "તમે આટલા ઉચ્ચા સ્થાને પહોંચ્યા તેનું કારણ શું છે હું તમારૂં જે ભવ્ય સ્થાન જોઈ રહયો છું તેનું રહસ્ય શું છે?"

અલ્લામાએ કહ્યું કે હું તમને આ રહસ્ય એક શર્ત ઉપર જાહેર કરીશ કે મારી હયાતી દરમ્યાન તમે આ રહસ્ય કોઈને કહેશો નહીં. પછી આપે કહ્યું કે એક રાત્રે હું મસ્જીદે કુફામાં હતો અને ત્યાં મેં મારા આકા હઝરત વલીએ અસ્ર(અ.સ.)ને ઈબાદતમાં તલ્લીન જોયા. મેં ઉભા થઈને તેમને સલામ કરી, તેમણે મને સલામનો જવાબ આપ્યો અને કહ્યું કે "નજીક આવો." હું આગળ વધ્યો તેમણે કહ્યું કે "હજી નજીક આવો." હું હજી નજીક ગયો એટલે સુધી કે તેઓએ મને ગળે લગાડયો અને તેમના જીસ્મથી મને મસ કર્યો તે દિવસથી અલ્લાહ તઆલાએ મારા દીલમાં ચાહ્યું તે અતા કર્યુ. એટલે કે હઝરત

બકીયતુલ્લાહની નવાઝીશથી અલ્લામા ઈલ્મ અને ખૂબીઓથી એ રીતે માહિતગાર થયા કે અલ્લામાને બેહરૂલ ઓલુમ (ઈલ્મોના મહાસાગર)નો લકબ મળ્યો.

**૩) વિજ્ઞાનઃ**

આજના દૌરમાં પ્રગતિશીલ દેશો વિજ્ઞાન અને ટેકનોલોજીના કારણે ઉચ્ચ સ્થાન મેળવે છે અને તેથી દુનિયા ઉપર હુકુમત કરે છે પણ જયારે ઈમામ મહદી(અ.ત.ફ.શ.)નો ઝહુર થશે ત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીની શું હાલત હશે. તે ઈમામ સાદીક (અ.સ.)આ રીતે બયાન કરે છે. "જયારે અમારા કાએમ(અ.સ.)નો ઝહુર થશે, ખુદાવંદે આલમ અમારા શિયાઓના કાનો અને આંખોને એ રીતે તેજ કરી દેશે કે તેમના અને કાએમ(અ.સ.)ના દરમિયાન કોઈ માધ્યમની (અત્યારે મોબાઈલ) જરૂરત નહી રહે અને જયારે વાત કરશે, તે લોકો સાંભળશે ઈમામ પોતાની જગ્યાએ હશે અને પૂર્વમાં રહેનારા પશ્ચિમવાળાને જોશે અને પશ્ચિમમાં રહેવાવાળા પૂર્વવાળાને જોશે. દરેક ઈલ્મ પોતાની સંપૂર્ણ ટોચ ઉપર હશે."

**(૪) અદલની સ્થાપના :**

ઈમામ સાદીક(અ.સ.) ફરમાવે છે કે "જયારે હઝરત કાએમ(અ.સ.) ઝહુર ફરમાવશે તો અદલો ઈન્સાફની બુનિયાદ ઉપર ફેસલો કરશે, તેમના ઝમાનામાં ઝુલ્મો સિતમ ખત્મ થઈ જશે અને રસ્તાઓ સલામતીવાળા હશે, ઝમીન પોતાની બરકતો જાહેર કરી દેશે અને દરેક શખ્સને તેનો હક મળશે અને લોકોની વચ્ચે ઈમામ(અ.સ.) જનાબે દાઉદ(અ.સ.) અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની જેમ ફેંસલો કરશે.

જાણી લો અલ્લાહની કસમ (ઈમામ મહદી અ.સ.) અદલો ઈન્સાફને એવી રીતે ઘરોમાં દાખલ કરી દેશે જેવી રીતે ગરમી અને ઠંડી ઘરોમાં દાખલ થઈ જાય છે."

**(૫) સુરજની જરૂરત નહી હોય :**

"ઝમીન પોતાના રબના નુરથી મુનવ્વર થઈ જશે." *(સૂરએ ઝુમર, આ. ૬૯)*

એટલે કે આપણા ઈમામ(અ.સ.)ના નુરથી મુનવ્વર થશે. ઈમામ વલીએ અસ્રની વિલાયત અને ઈમામતનું નુર એ રીતે રોશન અને મુનવ્વર હશે કે લોકોને સુરજની રોશનીની જરૂર નહી રહે.

**(૬) અમન અને આબાદી :**

તે મુબારક ઝમાનામાં ફિતના ફસાદના તમામ રસ્તાઓ બંધ હશે, ઝમીન ઉપર કયાંય પણ ફસાદ કે ખુનામરકી નહી હોય.

## (૭) રજઅત :

ઈમામ મહદી(અ.સ.)ના જાહેર થયા પછી પરવરદિગારની મસ્લેહત અને મરજી મુજબ ઘણાં નેક લોકો, પયગંબરો, અસ્હાબો અને મોઅમીનો તેમજ તેઓની સાથે બુરા લોકોમાંથી ઝાલિમો અને એહલેબૈત(અ.મુ.સ.)ના દુશ્મનો વગેરે દુનિયામાં ફરીવાર સજીવન થશે.

ઈમામ જાફરે સાદીક(અ.સ.) ફરમાવે છે કે **"રજઅતમાં હઝરત ઈમામ મહદી(અ.સ.)ના જાહેર થયા પછી પ્રથમ ઈમામ હુસૈન(અ.સ.) પોતાના અસ્હાબો કે જેઓ કરબલામાં શહીદ થયા હતા, તેઓની સાથે પાછા દુનિયામાં સજીવન થશે અને ઈમામ હુસૈન(અ.સ.) ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ની સાથે ઝાલિમોથી ઈન્તેકામ લેશે."**

જયારે અમારા કાએમ હઝરત મહદી(અ.સ.) ઝહુર ફરમાવશે ત્યારે દરેક મોઅમીનની કબ્ર આગળ એક ફરિશ્તો આવી તેને કહેશે કે તમારા ઈમામ જાહેર થયા છે, તેમની ખિદમતમાં પહોંચવું હોય તો ઉઠો તે વખતે જે મોઅમીનને ઈમામ(અ.સ.)ની ખિદમતમાં હાજર થવું હશે. તે પોતાની કબ્રમાંથી ઉઠશે પણ આ તૌફીક તે લોકોને જ પ્રાપ્ત થશે કે જેઓ ઝહુર પહેલા તેમની સાથે મોહબ્બત અને માઅરેફતની સાથે ઈન્તેઝાર કરતા હશે અને રિવાયતોમાં છે કે જે લોકો ૪૦ દિવસ સુધી સુબ્હની નમાઝ બાદ દુઆએ અહદ પડશે તેઓને આ ખુશનસીબી પ્રાપ્ત થશે.

આવો! અલ્લાહ પાસે દુઆ કરીએ કે અલ્લાહ ઈમામ મહદી(અ.ત.ફ.શ.)નો જલ્દી ઝહુર કરે અને આ ઝહુરનો ઝમાનો પામવાની આપણને તૌફીક અતા કરે.

### ઝિક્રે મહદી (અ.ત.ફ.શ.)

**તારીખ :** ૦૬/૦૫/૨૦૧૮, રવિવાર **વિષય :** રજઅત

**સમય :** સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૭:૦૦ સુધી

**સ્થળ :** ઝયનબિયા હોલ

**નોંધ :** આ સમય દરમિયાન ગમે ત્યારે હાજરી આપી શકાય છે.

**આયોજક : એસોસીએશન ઓફ ઈમામ મહદી (અ.સ.)**

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com